Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com

Volume - 1

# "ભાનુદત્તકૃત અલંકારકારતિલકના પ્રથમ પરિચ્છેદમાં સંપાદિતપાઠો અને પાઠભેદો"

Dr. Manjula J. Viradiya,

Asso. Professor, Head, Department of Sanskrit, Arts and Commerce College,

Naroda, Ahmedabad, Gujarat, India Email: viradiyamj@gmail.com

**Abstract:**

સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં આચાર્ય ભાનુદત્ત મિશ્રનું વિશેષ પ્રદાન રહ્યું છે.પંદરમી સદીમાં થયેલા આચાર્ય ભાનુદત્ત મિશ્રે સંસ્કૃત સાહિત્યશાસ્ત્રને રસમંજરી, રસતરંગિણી, અલંકારતિલક, રસપારિજાત જેવા વિશેષ ગ્રન્થો ભેટ ધર્યા છે.તેમાંથી અલંકારતિલકની સમીક્ષિત આવૃતિ તૈયાર કરવાનું કામ ડૉ. જી.વી. દેવસ્થલીએ ત્રણ હસ્તપ્રતોના અધારે કર્યું છે. જેમાંથી (1) **A.** હસ્તપ્રત ભાન્ડારકર ઓરીયન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ પુનામાંથી પ્રાપ્ત થયેલ. (2) **B.** હસ્તપ્રત બોમ્બે બ્રાન્ચ ઓફ ધ રોયલ એસિયેટીક સોસાયટી લાયબ્રેરી બોમ્બેથી પ્રાપ્ત થયેલ. (3) **C.** હસ્તપ્રત ભગવતસિંહજી કલેકશન ઈન ધ લાયબ્રેરી ઓફ ધ યુનિવર્સિટી ઓફ બોમ્બેથી પ્રાપ્ત થયેલ.તેમાંથી (A) હસ્તપ્રતમાં ચોથા પરિચ્છદનો શરૂઆતનો કેટલોક ભાગ બ્રેક થયેલો છે. જ્યારે (c) હસ્તપ્રત પણ કેટલીક જગ્યાએ ખામી વાળી છે. જ્યારે (B) હસ્તપ્રત સંપૂર્ણ સ્વરૂપમાં પ્રાપ્ત થયેલ છે. આ ગ્રન્થના પાંચ પરિચ્છેદમાંથી પ્રથમ ત્રણ Journal of the Bombay branch of the Royal Asiatic Society (New Series Vol.23 1947 Vol. 24-25 1948- 49) પત્રિકાના ભાગ 23માં અને શેષ અંતિમ બે ભાગ 24-25માં પ્રાચ્યવિદ્યા મંદિર બરોડાથી પ્રકાશિત થયા છે. ડૉ. દેવસ્થલીએ આ ત્રણ હસ્તપ્રતોના આધારે અલંકારતિલકની સમીક્ષિત આવૃત્તિનું કાર્ય પ્રાચ્યવિદ્યા મંદિર બરોડામાંથી કર્યું છે. પ્રસ્તુત શોધપત્રમાં ભાનુદત્તમિશ્રકૃત અલંકારતિલકના પ્રથમ પરિચ્છેદમાં સંપાદિતપાઠ અને પાઠભેદો વિષે સમીક્ષા કરવામાં આવી છે

**Key Words:** સાહિત્યશાસ્ત્ર, અલંકારતિલક, હસ્તપ્રત, સંપાદક, સંપાદિતપાઠ, પાઠભેદ, સ્વીકૃતપાઠ

**Introduction:** **Volume - 1**

અલંકારતિલક ગ્રન્થ પાંચ પરિચ્છેદમાં વિભાજિત થયેલ છે. આ ગ્રંથમાં મંગલાચરણ પછી ગ્રંથ રચનાના મુખ્ય પ્રયોજનમાં ભાનુદત્તે પોતાના નામનો પ્રયોગ કર્યો છે. જેમ કે..

**उरः स्फुरदलङ्कारचमत्कारपटुश्रियः ।**

**तनोति तिलकं भाले भारत्या भानुसत्कविः ।।**[1]

ત્યાર પછી ભાનુદત્તમિશ્રે રસ કાવ્યનો આત્મા છે. અને કાવ્યમાત્ર દેહ છે. વગેરેનો ઉલ્લેખ કરી કાવ્યના ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારોની ચર્ચા કરી છે. તેમજ કાવ્યના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર એમ ભાષાના આધારે ચાર પ્રકાર કહીને, કાવ્યના ગદ્ય-પદ્ય બે પ્રકાર વર્ણવ્યા છે. ગદ્યના ઉત્કલિકા અને પદ્યગન્ધિ બે ભેદ કહ્યાં છે. અને તે બન્ને પણ રીતિ-વૃત્તિના આધારે પાંચ પ્રકારના થાય છે. ઉત્કલિકા, પદ્યગન્ધિ, ચૂર્ણક, લલિત, નિષ્ઠુર ત્યારપછી ગતિનું વર્ણન કર્યું છે. તે મુખ્ય ત્રણ પ્રકારની કહી છે. શુધ્ધા, મધ્યા અને મિશ્રિતા, મિશ્રિતાના બે પ્રકાર દ્વિમિશ્રિતા અને ત્રિમિશ્રિતા તેમાં પણ દ્વિમિશ્રિતા છ પ્રકારની કહી છે. તે દરેકના ઉદાહરણોની ચર્ચા કરવામાં આવી છે. આમ પ્રથમ પરિચ્છેદમાં કાવ્યના વિવિધ તત્વોની ચર્ચા કરવામાં આવી છે. બીજા પરિચ્છેદમાં કાવ્ય દોષની ચર્ચા કરવામાં આવી છે. ત્રીજા પરિચ્છેદમાં કાવ્ય ગુણોની ચર્ચા કરવામાં આવી છે. તથા ચોથા પરિચ્છેદમાં શબ્દાલંકાર અને પાંચમાં પરિચ્છેદમાં અર્થાલંકારોની ચર્ચા કરવામાં આવી છે.

અહીં અલંકારતિલકના પ્રથમ પરિચ્છેદમાં સંપાદિતપાઠ અને પાઠભેદોના કેટલાક ઉદાહરણ જોઇએ તો નીચે મુજબ પ્રાપ્ત થાય છે.જેમકે –

મંગલાચરણમાં

**सोऽयं मे** मुदमातनोतु भगवान् कोलावतारो हरिः

सिन्धोः क्लेशमपास्य यस्य दशनप्रान्ते स्थिताया भुवः।

1. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-2, पृ.57

तारा हारति वारिदस्तिलकति स्वर्वाहिनी माल्यति

क्रीडादर्पण **क्षपापतिरहर्देवश्च** ताटङ्कति।।1।।[2]

આ પદ્યમાં પ્રથમ પંક્તિમાં **सोऽयं मे** પાઠ A અને C હસ્તપ્રતમાં સમાન જોવા મળે છે. જ્યારે B હસ્તપ્રતમાં **सोऽयं वो** પાઠભેદ મળે છે.તેમજ અંતિમ ચરણમાં **क्षपापतिरहर्देवश्च** પાઠ A અને B હસ્તપ્રતમાં સમાન જોવા મળે છે. જ્યારે C હસ્તપ્રતમાં **क्षपापतिरहर्वेदश्च** પાઠભેદ મળે છે.અહીં આચાર્ય ભાનુદત્તે મંગલાચરણમાં ભગવાન શ્રી હરિની સ્તુતિ કરી છે.જે ભગવાન હરિ સમુદ્રના શ્રમને (થાકને) દૂર કરીને દાંતના અગ્રભાગમાં રહેલી પૃથ્વીથી યુક્ત જેના માટે તારા હારનું આચરણ કરે છે, વાદળો તિલક બને છે,ગંગા નદી તેની માળા થાય છે,ચંદ્રલીલા દર્પણનું આચરણ કરે છેઅને દરરોજ દેવ (રહસ્યને જાણનાર શિવ) કાનના આભૂષણનું આચરણ કરે છે,તે કાલાવતાર ભગવાન શ્રીહરિ મારા માટે આનંદ ફેલાવે (આનંદ આપે). આમ અહીં **सोऽयं मे** તેમજ **क्षपापतिरहर्देवश्च** પાઠ સ્વીકારાયો છે.

તેમજ કેટલીકવાર લહીયો મૂળ પાઠને સ્થાને નવો જ પાઠ મૂક્તો હોય છે, જેના કારણે પણ પાઠભેદ જોવા મળે છે, જેમકે तस्य गतिरीतिवृत्तिदोषतदभावगुणालङ्कारो इन्दियाण।[3] (ગતિ,રીતિ,વૃત્તિ,દોષનો અભાવ ગુણ,અલંકાર તેની ઇન્દ્રિયો છે.)અહીં B અને C હસ્તપ્રતમાં गुणालङ्कारो इन्द्रियाणि સમાન પાઠ મળે છે.પરંતુ C હસ્તપ્રતમાં गुणागुणाः अलङ्काराः भूषणानि પાઠ મળે છે.આમ અહીં C હસ્તપ્રતમાં गुणाः અને भूषणानि પાઠ નવા ઉમેરાયા છે. તેમજ

जरठकमठपृष्ठनिष्ठुरशाङ्गटङ्कारकम्पितप्रलयपयोवाह विभ्रम श्रये श्रीपतिम्।[4] (ઘરડા કાચબાની પીઠ જેવા કઠોર ધનુષ્યના મોટા ટંકારથી કમ્પેલા પ્રલય કાલીન વાદળની ભ્રમણા ઉત્પન્ન કરનાર શ્રીહરિનો

2. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-1, पृ.57
3. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-2, वृत्ति. पृ.57
4. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-3, वृत्ति पृ.57

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



આશ્રય લઉં છું. અહી A અને C હસ્તપ્રતમાં वाह श्रये विभ्रम श्रीपतिम् સમાન પાઠ મળે છે.પરંતુ B હસ્તપ્રતમાં वाह घोरनिर्घोषविभ्रमम् પાઠ મળે છે.આમ અહીં B હસ્તપ્રતમાં घोरनिर्घोष પાઠ નવો ઉમેરાયો છે.

કેટલીક વખત લહિયાની બેદરકારીથી શબ્દ છૂટી પણ જતો હોય છે. જેમકે –**असतो दोषविचारानुदयात्।**[5] (જેનું અસ્તિત્વ નથી તેવા દોષોનો વિચાર ઉત્પન્ન થતો નથી.) અહીં B હસ્તપ્રતમાં રહેલો **विचारा** શબ્દ A અને C હસ્તપ્રતમાં છૂટી ગયો છે.અહીં **दोषानुदयात्** પાઠ મળે છે.તેમજ ઘણી વખત આખો પાઠ છૂટી જતો હોય છે. જેમકે મધ્યા ગતિના ઉદાહરણમાં **हरसि हलधर हललेखिन्या वीर्यं लिखितुमिव कालिन्दीकल्लोलनिकरमषीधारासारान्।**[6] (હે હલધર! હળરૂપી લેખનીથી પરાક્રમને લખવા માટે જાણે કલ્લોલ કરતી યમુનાના મોજાના સમૂહ રૂપી શાહીના પ્રવાહને તમે હરો છો.) અહીં **हलधर** પાઠ A અને C હસ્તપ્રતમાં Omitted છે. તેમજ વૃત્તિઓના નિરૂપણમાં न चालङ्कारेऽतिव्याप्तिः।[7] (અલંકારમાં તેની અતિ વ્યાપ્તિ થતી નથી.) આ વાક્ય A અને B **હસ્તપ્રતમાં છે. C હસ્તપ્રતમાં Omitted છે.** (અહીં આ વાક્ય છુટી ગયું છે.) તેવી જ રીતે સાત્વતિ વૃત્તિના અંગોના વર્ણનમાં 'પરિવર્તન' અંગના લક્ષણમાં प्रसक्तं कार्यमपहाय कार्यान्तरकरणं परिवर्तः।[8] (હાથ ધરેલું કાર્ય છોડીને બીજુ કાર્ય હાથ ઉપર લેવું તે 'પરિવર્તન' અંગ કહેવાય છે.) B અને C હસ્તપ્રતમાં **प्रसक्तं कार्यमपहाय સમાન પાઠ મળે છે. જ્યારે** A હસ્તપ્રતમાં **प्रसक्तमपहाय પાઠ મળે છે જેમાં લહિયાની બેદરકારીથી** कार्य શબ્દ છૂટી ગયો છે.

પાઠ સંપાદક જ્યારે પાઠ સંપાદનનું કાર્ય કરે છે, ત્યારે ઘણી વખત હસ્તપ્રતમાં રહેલા પાઠથી બંધ બેસતો વાક્યાર્થ પ્રાપ્ત ન થાય ત્યારે મૂળ પાઠને સાચવીને નવો પાઠ સ્વીકારે છે.જેમકે

---

5. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-2, वृत्ति. पृ.57
6. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-3, वृत्ति पृ.59
7. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-12, वृत्ति पृ.60
8. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-21, वृत्ति पृ.62

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



**पञ्चाधिकपदसमासा गौडी।**[9] અહીં A હસ્તપ્રતમાં **पञ्चपदसमासाधिका** પાઠ મળે છે. જ્યારે B હસ્તપ્રતમાં **पञ्चाधिकसमासा** પાઠ મળે છે. જ્યારે C હસ્તપ્રતમાં **पञ्चपदसमासा** પાઠ મળે છે. અહીં ગૌડી શૈલીનું લક્ષણ આપવામાં આવ્યું છે કે "પાંચથી પણ વધારે પદવાળા સમાસવાળી ગૌડી શૈલી" આમ અહીં A B C હસ્તપ્રતમાં રહેલ પાઠથી વાક્યાર્થ બંધ બેસતો ન હોવાથી સંપાદકે पञ्चाधिकपदसमासा નવો પાઠ સ્વીકાર્યો છે. તેમજ दहनतिपताकति અહીં A હસ્તપ્રતમાં दहनित्पाकायति પાઠ મળે છે. જ્યારે B હસ્તપ્રતમાં दहनत्यायाकति પાઠ મળે છે. જ્યારે C હસ્તપ્રતમાં   પાઠ સ્પષ્ટ નથી. (Not clear) અહીં મધ્યા આરભટી શૈલીનું ઉદાહરણ આપવામાં આવ્યું છે કે "હે ભૃગુપતિ ! તમારો પ્રતાપ અગ્નિ બને છે. આકાશ પતાકા ( ધ્વજા) બને છે. સુમેરુ પર્વત બાણ બને છે.અને દેવ કમલિનીનો પ્રિયતમ સૂર્ય કળશ બને છે." આમ અહીં A B C હસ્તપ્રતમાં રહેલ પાઠથી વાક્યાર્થ બંધ બેસતો ન હોવાથી સંપાદકે दहनतिपताकति નવો પાઠ સ્વીકાર્યો છે. તેવીજ રીતે પંચાધિકપદવાળી ગૌડી શૈલીના ઉદાહરણમાં स्फूर्जद् ध्वानविधूतदिग्गजप्रागब्धकोलाहलः।[10] (ફુંફાડાના ધ્વનિથી ભાગી ગયેલા દિગ્ગજોએ કોલાહલ આરંભ્યો છે તેવા.) અહીં A હસ્તપ્રતમાં स्फूर्जध्वानપાઠ મળે છે. જ્યારે B स्फूर्जत् वात હસ્તપ્રતમાં પાઠ મળે છે. જ્યારે C હસ્તપ્રતમાં स्फूर्जध्वान પાઠ મળે છે. આમ અહીં A B C હસ્તપ્રતમાં રહેલ પાઠથી વાક્યાર્થ બંધ બેસતો ન હોવાથી સંપાદકે स्फूर्जद् ध्वानविधूत નવો પાઠ સ્વીકાર્યો છે.

ઘણી વખત સામાન્ય સમાનતાના કારણે શબ્દોનો ઉતારો કરવામાં લહિયાથી થતી ભૂલના કારણે પાઠ ભેદ જોવા મળે છે. જેમકે प्रवेशनिर्गमविद्रवहतुरवपातः।[11] (પ્રવેશવું, નિકળવું અને જતાં

---

9. अलङ्कारतिलक प्रथम परिच्छेद पृ.59
10. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-10,पृ.59
11. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-7, वृत्ति पृ.61

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



રહેવાનું કારણ તે અવપાત છે.) અહીં A અને C હસ્તપ્રતમાં प्रवेशनिर्गम સમાન પાઠ છે. જ્યારે B હસ્તપ્રતમાં **निष्क्रम** પાઠ મળે છે. અહીં **निर्गम** નું **निष्क्रम** થય ગયું છે. તેમજ ભારતી વૃત્તિના ઉદાહરણમાં A અને C હસ્તપ્રતમાં **साकं रणं स्वीकुरु**[12] સમાન પાઠ છે અને B હસ્તપ્રતમાં **सार्धं रणं स्वीकुरु** પાઠ મળે છે. જેમાં **साकं** નું **सार्धं** થયું છે. તેમજ ઉત્કલિકાના ઉદાહરણમાં A અનો C હસ્તપ્રતમાં **जटापटलस्खलद**[13] સમાન પાઠ મળે છે. જ્યારે B હસ્તપ્રતમાં **जटापटलसंवलद** પાઠ ભેદ જોવા મળે છે. પદ્યગન્ધિના ઉદાહરણમાં **देवं हिमकरकलाकान्ति** સમાન પાઠ છે અને B હસ્તપ્રતમાં **शम्भुममृतकरकलाकान्ति** પાઠ ભેદ જોવા મળે છે.

કેટલીક વખત શબ્દોને ખોટી રીતે ભેગા લખવા કે જુદા પાડવાથી પણ પાઠ ભેદ જોવા મળે છે. જેમકે **महतः संग्रामस्याल्पीयो निदानं संक्षिप्तिः।**[14] (મહાન સંગ્રામનું નાનુ કારણ તે સંક્ષિપ્તિ કહેવાય છે.) અહીં B અને C હસ્તપ્રતમાં **संग्रामस्याल्पीयो निदानं** સમાન પાઠ મળે છે. જ્યારે A હસ્તપ્રતમાં **स्यादादेव योनिदानं** પાઠ મળે છે. અહીં શબ્દોને ખોટી રીતે જુદા પાડવાના કારણે પાઠ ભેદ જોવા મળે છે.

આમ અલંકારતિલકની ત્રણેય હસ્તપ્રતોમાં પ્રાપ્ત થતાં કેટલાક સંપાદિતપાઠ અને પાઠભેદોને વિસ્તારથી જોયા પછી,અલંકારતિલકના પ્રથમ પરિચ્છેદમાં સંપાદિતપાઠ અને પાઠભેદોને સંક્ષેપમાં નીચેના કોષ્ટકમાં દર્શાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

| ક્રમ | 'A' BORI Pune | 'B' RASL Bom. | 'C' BCL Bom. | સ્વીકૃતપાઠ |
|---|---|---|---|---|
| 1 | **च लोकानां यशसे** | **लोकाय यशसे च** | **लोकाय यशसे च** | A |
| 2 | **महारष्ट्रोद्भवं** | **महारष्ट्रोद्भवा** | **महारष्ट्रोद्भवं** | B |
| 3 | **कैशिकी** | **कैशिकी** | **कौशिकी** | AB |

12. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-25,पृ.62
13. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-3, वृत्ति पृ.58
14. अलङ्कारतिलक प्रथम परिच्छेद श्लोक-18, वृत्ति पृ.61

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



| | | | | |
|---|---|---|---|---|
| 4 | तारकितगगनमण्डल् | सकलदिगङ्मण्डल् | तारकितगगनमण्डल् | AC |
| 5 | वाह विभ्रमं | वाह घोरनिर्घोषविभ्रमम् | वाह निभ्रमें | AC |
| 6 | विकसित्कमलपटलं | विगलितशङ्खपटलं | विकसित्कमलपटलं | AC |
| 7 | जय नयनान्द | जनानन्द | जनानन्द | BC |
| 8 | Omitted | अतः | Omitted | B |
| 9 | मण्डल | मण्डल | कुण्डल | AB |
| 10 | आरब्धरीत्यनिर्वाहा | आरब्धरीत्यनिर्वाहो | आरब्धरीत्यनिर्वाहा | Ac |
| 11 | सन्ध्या नो | नो सन्ध्या | सन्ध्या नो | B |
| 12 | क्रियाणां | क्रियापदानां | क्रियाणां | AC |
| 13 | पृथग्भावदर्श | पृथग् दर्श | पृथग्भावदर्श | AC |
| 14 | नवराग | रागनव | रागनव | BC |
| 15 | वारयन्ति विं | वारयन्त्यविनय | वारयन्ति विं | AB |
| 16 | उद्भिन्न | उन्निद्रं | उद्भिन्न | AC |
| 17 | विश्वं | मपिवश्यमवश्य | विश्वं | AC |
| 18 | चहूत्कृति | चुचुत्कृति | चहूककृति | B |
| 19 | विदधतु | वितरतु | विदधतु | AC |
| 20 | युध्द क्रुध्द | युध्यत् | युध्द क्रुध्द | AC |
| 21 | दहनित्पाकायति | दहनत्यायाकति | Not clear | दहनतिपताकति |
| 22 | स्त्रवति | शरावति | शरावति | BC |
| 23 | भरत वचनात् | लिखनात् | भरत वचनात् | AC |
| 24 | शान्तेऽतिव्याप्तेः | शान्तवत्ति | शान्तेऽतिव्याप्तेः | AC |
| 25 | कादीनीति | परिवर्तका इति | परिवर्तका इति | BC |
| 26 | परस्परोक्तिः | गभीरोक्तिः | परस्परोक्तिः | AC |
| 27 | प्रसक्तमपहाय | प्रसक्तं कार्यमपहाय | प्रसक्तं कार्यमपहाय | BC |
| 28 | लज्जयेव | लज्जयैव | लज्जयैव | BC |
| 29 | यतो | यतो | हि सा | AB |
| 30 | मेदिनी | मोहिनी | मेदिनी | AC |
| 31 | प्रोच्चलद् | प्रोच्चच्छद् | प्रोच्चलद् | AC |
| 32 | क्रीडासरः | क्रीडारसः | क्रीडासरः | AC |

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



| | | | | |
|---|---|---|---|---|
| 33 | कान्त | कान्त | कान्ति | AC |
| 34 | विरह | विरहे | विरह | AC |
| 35 | हरियुक्तविप्र | हरिविप्रयुक्त | हरिविप्रयुक्त | BC |
| 36 | र्विमिश्रऩा लागटी | वैदर्भ्योमिश्रणम् | विदर्भयोर्विनि | B |
| 37 | विहगच्छलन | विहगस्वनेन | विहगच्छलन | AC |
| 38 | Omitted | भारती ननु | भारती ननु | BC |
| 39 | वीररौद्राद्भुता | वीररौद्राहास्या | वीररौद्राहास्या | AC |
| 40 | यत्रागत्या | यत्राङ्गतया | यत्राङ्गतया | BC |
| 41 | धर्मनियमे | धर्मनियमः | धर्मनियमः | BC |
| 42 | चोपराग | चोत्सर्गः | चोत्सर्गः | BC |
| 43 | हास्यप्रमुखं | हास्यमुखं | हास्यप्रमुखं | AC |
| 44 | मयासाकं | मयासार्धं | मयासाकं | AC |
| 45 | स्वान्तं | स्वानं | स्वानं | BC |
| 46 | वासो | वासं | Omitted | A |
| 47 | आसीद्भृङ्गी | आसीद्भृगः | आसीद्भङ्गी | B |
| 48 | रूचितस्मयिता | रूचिस्नपिताधरोण | रूचिस्नपिताधरोण | BC |
| 49 | पाताः | पातः | पाताः | AC |
| 50 | श्रीभानुदत्तविरचिते | भानुदत्तकरः | भानुदत्तकवि | A |

## સંદર્ભ ગ્રન્થસૂચિ


1. संपादन जी.वी. देवस्थली, अलङ्कारतिलक - भानुदत्तमिश्र कृत, प्रकाशन प्राच्यविद्या मंदिर, बरोडा.

2, डॉ. सत्येन्द्र. पाण्डुलिपिविज्ञान, राजस्थान हिन्दी ग्रंथ अकादमी, जयपुर

3. ડો. એસ. એમ. કત્રે, ભારતીય પાઠ સમીક્ષા,અનુવાદ: ડો. કે. એચ. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૯.

4. હરિવલ્લભ ભયાણી, હસ્તપ્રતોને આધારે પાઠ સંપાદન, લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, ૨૦૦૭.